# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેકસ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **૧૦-૦૭-૨૦૨૫**

- **ગુજરાતની સરકારી કૃષિ યુનિ.ના કુલપતિઓ દલાતરવાડી જેવા છે,મનફાવે તેમ યુજીસી અને યુનિ એકટના નિયમોને અવગણી પોતાનો પગાર આકારે છે અને ખીચા ભરી રહ્યા છે.**
- **ગુજરાતની તમામ સરકારી કૃષિ યુનિ.ઓ ભ્રાષ્ટાચારથી ખદબદે છે,મરામત,ખરીદી અને અધિકારીઓની ભરતીમા કરોડો રુપિયાના વહેવારોના સમાચાર મળે છે, સાગમટે તપાસ કરવો અને વસુલો.**
- **રાજ્ય સરકારે કૃષિ યુનિવર્સીટીમા લાયકાત વગરના કુલપતિઓની નિમણુક કરી છે અને આ લાયકાત વગરના કુલપતિઓ રોસ્ટરના નિયમો સાથે છેડછાડ કરીને ભરતીમા કરોડોના કૌભાંડ આચરી રહ્યા છે. તપાસ કરાવો અને વસુલો.**
- **આણંદ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો કે બી કથીરીયા ની વૈભવી ઓફિસ અને સરકારી નિવાસ પાછળ થયેલા અનઅધિકૃત ખર્ચા ભ્રષ્ટાચાર અને નાણાંકીય ગેરરીતિના સંકેત આપે છે તપાસ કરાવો અને વસુલો.**
- **આણંદ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો કે બી કથીરીયાના કથિત ગેરરિતીઓ પાછળ કૃષિ મંત્રી રાઘવજી પટેલ કેટલા દુર છે. તેની તપાસનો કરવો અને વસુલો.**
- **આણંદ કૃષિ યુનિવર્સીટીમા સરકારી કૃપા નીચે થતા ભ્રષ્ટાચાર અને નાણાંકીય ગેરરીતિઓની ઉચિત તપાસ કરાવવામા આવે.**

કુલપતિ ડો. કે. બી. કથીરિયા દ્વારા યુનિ નું સુકાન સાંભળવામાં આવ્યું છે ત્યારથી આણંદ કૃષિ યુનિવર્સીટીની શાખ ઉપર અનેક સવાલો ઉભા થયા છે. ઉપરાંત ICAR રેન્કિંગ માં આણંદ કૃષિ યુનિવર્સીટીએ સતત પીછેહઠ કરેલ છે અને NIRF રેન્કીંગમાં પણ પહેલા મોખરે રહેતી જે આજે ભ્રષ્ટાચાર અને ગેરરીતીઓનુ ઉદાહરણ બની ગઈ છે. ત્યારે સવાલ ઉભો થાય કે રાજ્ય સરકારે ડો કથીરીયા કુલપતિ શા માટે બેસાડયા છે. ?

ડો કથીરીયા દ્વારા ₹ 6 થી 7કરોડની સોલાર રૂફટોપ સીસ્ટમની ઇન્સ્ટોલ કરવામાં ગેરરીતિના આક્ષેપો.

સોલાર રૂફટોપ સીસ્ટમએ એક ડેડ-સ્ટોક (નોન-રિકરિંગ) આઇટમ (સાધન) છે. જેને રાજ્ય સરકારની પ્લાન કે નોન-પ્લાન યોજનામાંથી ખરીદવાની થાય. કુલપતિ ડો. કે. બી. કથીરિયાએ વિધાનસભા અને નાણાં મંત્રાલયની મંજૂરી નહી લીધેલી હોવા છતાં આમ ના કરતા પ્લાન કે નોન-પ્લાન યોજના હેઠળ રિકરિંગ ગ્રાન્ટ નો ઉપયોગ કરીને ) ₹ 6 થી 7કરોડની સોલાર રૂફટોપ સીસ્ટમ (ઇન્વર્ટર સહીત) સીસ્ટમ ઇન્સ્ટોલ કરાવેલ છે. આમ ડો. કે. બી. કથીરિયા દ્વારા પોતાની સત્તાનો દુર ઉપયોગ અને મોટો ભ્રષ્ટાચાર કરેલ છે. એવા તેમના જ એક અધિકારીએ આક્ષેપો લગાવ્યા છે ત્યારે તે દિશામા યોગ્ય તપાસ કરવામા આવે.

રાજ્યની અન્ય કૃષિ યુનિ જેમકે જુનાગઢ કૃષિ યુનીવર્સીટીમાં સોલાર રુફ્ટોપ સીસ્ટમ એ ડેડ-સ્ટોક (નોન-રીકરીંગ) હેઠળ રાજ્ય સરકારની મંજુરી લઈને ખરીદાયેલ છે. જે સાબિત કરે છે કે કુલપતિ ડો. કે. બી. કથીરિયાએ પોતાને મળેલ સત્તાનો ઉપયોગ ભ્રષ્ટાચાર માટે અને પોતાના મળતીયાઓને કોન્ટ્રાક્ટ મળે તે હેતુથી કરેલ છે.

કુલપતિ ડો કથીરિયાના કાર્યાલયના રીનોવેશનમા ગેરરીતી

કુલપતિ ડો. કે. બી. કથીરિયાએ પોતે ચાર્જ સાંભળ્યા પછી ગણતરીના મહિનાઓમાં જ પોતાની ઓફિસનું ₹. ૩૫ લાખ કરતા પણ વધુ રકમ ખર્ચી રીનોવેશન કરાવેલ છે અને તેમાં માત્ર ઇન્ટીરીયર ડીઝાઇન અને ફર્નિચર પાછળ જે જંગી ખર્ચ ભ્રષ્ટાચારનો સંકેત આપે છે.

કુલપતિ નિવાસસ્થાનના તામ જામ...

કુલપતિ ડૉ. કે. બી. કથીરિયાએ પોતાને મળેલ સરકારી આવાસ માં પણ ફર્નીચર, બાંધકામ અને અન્ય તામ જામ પાછળ પણ લાખો રુપિયાનો ખર્ચ કરેલ અને અમુક તો યુનિ. ના ગેસ્ટહાઉસના નામે ખરીદીને કુલપતિએ પોતાના નિવાસને સજાવેલ છે, આ લુટો,વાપરો અને મોજ કરોની માનસિકતાનો સંકેત છે.

કુલપતિ ડૉ. કે. બી. કથીરિયા કૃષિ યુનિમા સંશોધન નિયામકની ભુમિકા પણ શંકાસ્પદ.

કુલપતિ ડૉ. કે. બી. કથીરિયા આજ કૃષિ યુનિમા સંશોધન નિયામક હતા ત્યારે રાસાયણિક ખાતર, બીયારણ અને જંતુનાશક દવાનુ ઉત્પાદન કરતી કંપનીઓને લાભ થાય તેવા આયોજનો અને તે મુજબની યુનિ ભલામણો બહાર પાડતા એવા આક્ષેપો થયા છે, ખાનગી કંપનીના ખર્ચે વિદેશ પ્રવાસ કરતા હતા,આમ આ કાર્યકાળમાં પણ ઘણી ગેરરીતી થયેલ છે, જો તેમના એ સમયગાળાની તપાસ કરાવવામાં આવે તો હજુ વધુ ભ્રષ્ટાચાર બહાર આવવાની શકયતા છે. બિયારણની તેમજ દવાની કંપનીઓ સાથેની સાંઠ-ગાંઠ બહાર આવશે.

કુલપતિ ડૉ. કે. બી. કથીરિયા દ્વારા કૃષિ યુનિમા અધિકારીઓની ભરતીમા ગેરરીતીનો સંદેહ.

કુલપતિ ડૉ. કે. બી. કથીરિયાએ દ્વારા તાજેતરમાં ૧૮૦ જેટલી શૈક્ષણિક જગ્યાઓની થનાર ભરતીમા ખુબ મોટા પાયે ગેરરીતીની દહેશત છે, આ ગેરરીતીને રોકવા માટે સદર ભરતી રાજ્ય સરકાર હસ્તક GPSC મારફત થાય તેવી વ્યવસ્થા કરવામા આવે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતાશ્રી મનહર પટેલ માંગ કરે છે કે છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતની સરકારી કૃષિ યુનિ.ઓ ની શાખ ઉપર સવાલો ઉભા થયા છે, તેના માટે જવાબદાર રાજ્યનો કૃષિ વિભાગ અને કૃષિ યુનિ.ના કુલપતિઓ છે, તેના કારણે કૃષિ સંશોધનની કામગીરીમા શુન્યાવકાશ જોવા મળી રહ્યો છે, બેરોજગાર કૃષિ સ્નાતકોની સંખ્યા વધી રહી છે તેના માટે કોઇ ચિંતા દેખાતી નથી, રાજ્યની ખેતીના પડકારોના ઉકેલ આપવાની જવાબદારીથી છટકી રહી છે,આવી ગંભીર હાલતમા રાજયની કૃષિ યુનિ.ના કુલપતિઓ ભ્રષ્ટાચાર અને ગેરરીતી આચરવામા રચ્યા પચ્યા છે, માટે જવાબદાર કુલપતિ ડૉ. કે. બી. કથીરિયા ઉપર થયેલા આક્ષેપો અને કથિત તમામ ભ્રષ્ટાચાર અને ગેરરીતીઓની નિષ્પક્ષ અને ન્યાયી તપાસ કરવામા આવે અને આ તપાસ કૃષિ વિભાગના અધિક મુખ્યસચિવશ્રી IAS ડૉ અંજુ શર્માના વડપણ નીચે કરવામા આવે.

**મનહર પટેલ**
**પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**